# <u>મહે. શ્રી. અંકલેશ્વરના એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં</u>

**ફોજદારી કેસ નં.–૬૨૩/૨૦૨૬**
આંક –

ફરીયાદી શ્રી સરકાર

<u>વિરુધ્ધ</u>

આરોપી મનીશાબેન હસમુખભાઈ વસાવા
રહે. મોરા ફળિયુ કોસમડી તા.અંકલેશ્વર જી.ભરૂચ

બાબત :– **<u>પ્રોહી. એકટની કલમ–૬૫ એ.એ.</u>**

**<u>:: હુકમ ::</u>**

૧. ફરીયાદ પક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુના અંગેનું ચાર્જશીટ કરેલ છે.

૨. ત્યારબાદ આ કામના આરોપી આજરોજ અત્રેની અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના કાગળોની નકલો આપી આરોપી સામે તહોમતનામુ ફરમાવી તેમની પ્લી લેતાં તેમણે ગુનો કબુલ કર્યાનું સ્વૈચ્છાએ સ્વીકાર કરી ગુના કબુલાતની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓને ઓછી સજા અને દંડ કરવા પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોવાનુ જણાવી ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે.

૩. આરોપી સામે બોમ્બે પ્રોહી. ધારાની કલમ–**૬૫ એ.એ.** મુજબના ગુનાનું તહોમત છે. આ ગુનાની ટ્રાયલ માટે હાલના સરકારી અમલદાર તથા અધિકારીઓ તેમજ, પંચો તથા અન્ય સાહેદોને જો તપાસ્યા બાદ જો વાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ પર આવે તો આરોપીને સજા થઈ શકે તેમ છે. વર્તમાન સમયમા કોર્ટમા નવા દાખલ થતા કેસો અને અનય કામગીરીનુ ભારણ ધ્યાને લેતા ટંકા સમયમા હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવીને પુરી કરવી સંભવી શકે તેમ નથી. ઉપરોકત સંજોગો ધ્યાને લેતા હાલના આરોપીને મહતમ સજા અથવા દાખલારૂપ સજા કરવામા આવે તો આરોપીના કુટુંબ પરીવારને પારાવાર નુકશાન થાય અને આરોપીના કસુરની સજા તેના પરીવારને ભોગવવી પડે તેમ છે. આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલા કારણો ધ્યાને લેતાં આરોપી નાની/મોટી ઉંમરનો ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુંટુબનો કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળો માણસ છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા સક્ષમ નથી તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે. જેથી જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન

મોભો ભર્યા સ્થાનથી  જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે. તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનુ છું.

૪.	નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત  વિરુધ્ધ નટવર હરીચંન્દ્ર ઠાકોરના કેસમાં એવો સિધ્ધાત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ઘ્યાનમાં લઈ  નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતાં પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. અને સદરહું ચૂકાદાના પાના નં. ૭૨૧ ઉપર પેરા ૨૧ માં જે કારણો જણાવેલ છે તે ઘ્યાને લેતાં ઉપરોકત ચૂકાદો આપીના કેસને મદદરુપ થતો હોય  તેમ જણાય છે જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ઘ્યાને લઈ  કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતાં  ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે તેથી ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ  સ્પષ્ટપણે માનુ છુ અને સજા અં ગે વિ. એ.પી.પી.શ્રી તથા  આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં  નીચે મુજબનો આખરી હુકમ  ફરમાવુ છું.

**:: હુકમ ::**

આ કામના  આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૬૪  અન્વયે પ્રોહી.ધારાની કલમ – **૬૫ એ. એ.** મુજબના ગુનામાં તક્સીરવાન ઠરાવી સદર ગુનામાં કુલ **રૂા.૨૦૦/– (અંકે રૂા.બસ્સો પુરા)** નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવા હુકમ કરવામાં આવે છે.

જો આરોપી ઉપરોક્ત ગુનામાં દંડ ન ભરે તો દરેક ગુનામાં **દિન – ૨ (બે)** લેખે સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૪ મી માહે  માર્ચ  સને ૨૦૨૬ ના રોજ  સ્પે.સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–અંકલેશ્વર
તા.૧૪/૦૩/૨૦૨૬

**(આર.એ. ચૌહાણ)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
અંકલેશ્વર.
કોડ નં. જી.જે.૦૧૭૪૭